ગાંધીનગર સમાચાર, પાના નં. ૦૬

તારીખ :- ૭/૮/૨૦૨૫

# ગાંધીનગરમાં મેટ્રો રેલના અંતિમ તબક્કાનું કામ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે

## સચિવાલયથી મહાત્મા મંદિર સુધી બ્યુટીફિકેશન કરાશે

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટનો અંતિમ તબક્કો ઝડપથી પૂર્ણ થવાની દિશામાં આગળ વધી રહ્યો છે. સચિવાલય મેટ્રો સ્ટેશનથી મહાત્મા મંદિર સુધીના બાકી રહેલા ટ્રેકનું કામ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરીને મેટ્રો સેવા શરૂ કરવાનું લક્ષ્ય છે. આ સાથે જ આ પાંચ કિલોમીટરના રૂટને આકર્ષક બનાવવા માટે રસ્તાની બંને બાજુએ બ્યુટીફિકેશનની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

ગત સપ્ટેમ્બર મહિનામાં મોટેરાના નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી સેક્ટર-૧ મેટ્રો સ્ટેશન સુધી મેટ્રો સેવા શરૂ થઈ હતી. ત્યારબાદ, તાજેતરમાં સેક્ટર-૧થી સચિવાલય સ્ટેશન સુધીની સેવા પણ કાર્યરત કરવામાં આવી છે.

નવો રૂટ તૈયાર કરવાની કામગીરી હવે પૂર્ણતાના આરે છે. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે અપડાઉન કરતા સરકારી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે આ મેટ્રો સેવા અત્યંત ઉપયોગી સાબિત થઈ રહી છે. હવે મેટ્રોરેલનું અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી પહોંચાડવા માટે સચિવાલયથી છ-૫, ચ-૫, ઘ-૫, ગ-૫, ખ-૫ અને મહાત્મા મંદિર સુધીનો ટ્રેક તૈયાર કરવાનું કામ આખરી તબક્કામાં છે. મેટ્રો સ્ટેશનોનું બાંધકામ પણ ચાલી રહ્યું છે અને ડિસેમ્બર સુધીમાં આ સમગ્ર કામગીરી પૂર્ણ કરીને મેટ્રો રેલને મહાત્મા મંદિર સુધી દોડતી કરી દેવામાં આવશે. બ્યુટીફિકેશનનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરની પ્રતિષ્ઠાને અનુરૂપ, મેટ્રો રેલ કંપની દ્વારા સચિવાલય મેટ્રો સ્ટેશનથી મહાત્મા મંદિર સુધીના રૂટ પર બ્યુટીફિકેશન કરવાનું આયોજન કરાયું છે આશરે પાંચ કિલોમીટરના આ રૂટ પર રસ્તાની બંને બાજુએ ફેન્સિંગ કરીને વિવિધ પ્રકારના ફૂલછોડ અને સુશોભિત છોડ રોપવામાં આવશે. આ સાથે લેન્ડસ્કેપિંગની કામગીરી પણ હાથ ધરાશે, જેથી મુસાફરો નગરના દૃશ્યોનો આનંદ માણી શકે. આ બ્યુટીફિકેશનની કામગીરી માટે ટેન્ડરો પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, જયારે ડિસેમ્બરમાં મેટ્રો સેવા શરૂ થાય તે પહેલાં આ કામ પણ પૂર્ણ થઈ જાય તેવું આયોજન છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેનું પરિવહન વધુ સુગમ બનશે, અને ગાંધીનગરને એક સુંદર અને આધુનિક મેટ્રો સિટી તરીકેની ઓળખ મળશે.